S.A. II - 2019

ધોરણ - 7

વિષય - સામાજિક વિજ્ઞાન જવાબ 8/4

વિભાગ - A

Date:-

DN

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | (A) | ચાવડા | 21 | (B) | અમદાવાદ |
| 2 | (B) | મંડલ | 22 | (C) | લોકશાહી |
| 3 | (A) | વડનગર | 23 | (C) | લોક અદાલતો |
| 4 | (C) | રાણી મીનળદેવી | 24 | (A) | લીલા |
| 5 | (B) | આમીલ | 25 | (B) | હોલમાર્ક |
| 6 | (B) | હલદીઘાટના | 26 | (C) | આઈ. એસ. આઈ |
| 7 | (C) | ફતેહપુર સિક્રીમાં | 27 | (A) | ગૌરવ |
| 8 | (A) | હેમુને | 28 | (C) | વ્યક્તિગત |
| 9 | (A) | રાયગઢમાં | 29 | (C) | સરકારની |
| 10 | (B) | ઓરંગઝેબ | 30 | (A) | કૃષ્ણા નદી |
| 11 | (C) | જહાંગીર | 31 | (B) | નર્મદા |
| 12 | (A) | અકબર | 32 | (C) | તાંબુ |
| 13 | (B) | ઢાઈ દિનકા ઝોંપડા | 33 | (B) | ચંબલ |
| 14 | (B) | પાંચ | 34 | (C) | ધોરીમાર્ગ નંબર-7 |
| 15 | (C) | શેત્રુંજય પર્વત પર | 35 | (A) | ભારતમાં |
| 16 | (C) | 12 | 36 | (B) | જમ્મુકાશ્મીર |
| 17 | (A) | 6 | 37 | (C) | કેરલ |
| 18 | (B) | કૃષ્ણભક્તિમાં | 38 | (C) | અસમ |
| 19 | (C) | વૈષ્ણવ | 39 | (A) | પેરિસ |
| 20 | (A) | લાહોર | 40 | (B) | હેમ્બર્ગ |

Date:-

## વિભાગ-B

પ્રશ્ન-1 ઐતિહાસિક કારણો આપો. (ગમે તે બે) 06

(1) સોલંકીકાળને ગુજરાતનો સુવર્ણયુગ ગણવામાં આવે છે.

સોલંકી કાળમાં ગુજરાતમાં શાંતિ, સલામતી અને જાહોજલાલી હતી. તે સમયમાં અણહિલવાડ પાટણની ગણના એક શક્તિશાળી રાજ્ય તરીકે થતી હતી. સિદ્ધરાજ જયસિંહના સમયમાં તે વિદ્યાનું ધામ બન્યું હતું. કુમારપાળના શાસન દરમિયાન ગુજરાત આર્થિકરીતે સમૃદ્ધ બન્યું હતું. આ સમયે અણહિલવાડ પાટણમાં અહિંસા, લક્ષ્મી અને સરસ્વતીનો ત્રિવેણી સંગમ થયો હતો. સોલંકી કાળ દરમિયાન ગુજરાતે ભાષા, સાહિત્ય, કલા, શિલ્પ-સ્થાપત્ય અને ધાર્મિક ક્ષેત્રે વિકાસ સાધ્યો હતો તેથી સોલંકી કાળને ગુજરાતનો સુવર્ણયુગ ગણવામાં આવે છે.

2. અકબરને સફળ શાસક કહેવામાં આવે છે.

અકબરે સતત વિજયો મેળવીને ભારતમાં મુઘલ સામ્રાજ્યનો બહોળો વિસ્તાર કર્યો હતો. તેણે પોતાના રાજ્યના પંદર વિભાગો પાડ્યા હતા. મહાન વિજેતા ઉપરાંત અકબર કુશળ વહીવટકર્તા અને સમાજસુધારક પણ હતો. ખેતીને સમૃદ્ધ બનાવવામાં તેણે સિંચાઈની વ્યવસ્થા કરી હતી. તેણે હિંદુઓ પરનો યાત્રાવેરો અને જજિયાવેરો નાબૂદ કર્યો હતો. તેણે પ્રજાને ગમે તે ધર્મ પાળવાની છૂટ આપી હતી. તેણે રજપૂતો સાથે મૈત્રીસંબંધો બાંધ્યા હતા. તેણે હિંદુઓને પોતાના દરબારમાં અને રાજ્યની અન્ય સેવાઓમાં ઊંચા હોદ્દાઓ પર નીમ્યા હતા. અકબર જુદાજુદા ધર્મોના વિદ્વાનોને ધર્મચર્ચા માટે દર શુક્રવારે ફતેહપુર સિક્રીના ઈબાદતખાનામાં આમંત્રણ આપતો તે આ વિદ્વાનોની ધર્મચર્ચા ખૂબ ધ્યાનથી સાંભળતો એ સમયના સમર્થ વિદ્વાનોથી અકબરની રાજસભા શોભતી અકબર કુશળ વહીવટકર્તા, સમાજસુધારક, સર્વધર્મસમભાવવાળા પ્રજાકલ્યાણકારી રાજા તરીકે નોંધપાત્ર સિદ્ધિઓ મેળવી હતી એથી.

3 મુઘલ સમયમાં વિદેશો સાથેનો વેપાર મોટા ભાગે ગુજરાતના બંદરોએથી થતો.

મુઘલ સમયમાં ગુજરાતમાં ખંભાત, ભરૂચ, સુરત, દીવ વગેરે સમૃદ્ધ બંદરો હતાં. એ સમયમાં કાશ્મીરના ગાલીચા, લાહોરની શાલ, ફતેહપુર સિક્રીની રેશમી વસ્તુઓ, ગુજરાતનું સુતરાઉ કાપડ અને ઢાકાની મલમલ દુનિયાભરમાં પ્રખ્યાત હતાં. આ બધી ચીજવસ્તુઓ યુરોપના દેશોમાં ગુજરાતના બંદરોએ નિકાસ થતી. મુઘલ સમયમાં ભારતમાંથી અફીણ, મરીમસાલા, ગળી, ખાંડ, વગેરેની નિકાસ પણ ગુજરાતનાં બંદરોએથી થતી.

Date:-

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. (ગમે તે બે) 06

(1) રાણા પ્રતાપ ટેકીલા હતા, એવું શાથી કહી શકાય?

રાણા પ્રતાપ પોતાની ટેક ખાતર મૃત્યુ સુધી અકબર સામે લડ્યા. તેમણે દુઃખો વેઠ્યાં પણ સ્વમાન અને ટેક ન છોડ્યાં આથી એમ કહી શકાય કે રાણા પ્રતાપ ટેકીલા હતા.

(2) શાહજહાંના સમયમાં વધુ બાંધકામો થયા હતા?

શાહજહાંના શાસન દરમિયાન રાજ્યમાં શાંતિ હતી. ખેતીવાડી અને વેપાર ઉદ્યોગનો વિકાસ થયો હતો પરદેશો સાથેનો નિકાસ વેપાર વધ્યો હતો પરિણામે રાજ્યની તિજોરી નાણાંથી છલકાઈ ગઈ હતી આ ઉપરાંત શાહજહાંને તેના દાદા અને પિતા તરફથી પણ પુષ્કળ ધન મળ્યું હતું શાહજહાં એ ધનનો ઉપયોગ ભવ્ય બાંધકામો કરવામાં કર્યો.

3. સિદ્ધહેમ શબ્દાનુશાસન ગ્રંથની શોભાયાત્રાની વિશેષતા કઈ હતી?

સિદ્ધહેમ શબ્દાનુશાસન એ શોભાયાત્રામાં ગ્રંથના રચયિતા હેમચંદ્રાચાર્ય અને રાજા સિદ્ધરાજ જયસિંહ બંને પગપાળા ચાલતા હતા. એ સિદ્ધહેમ શબ્દાનુશાસન ગ્રંથના શોભાયાત્રાની વિશેષતા હતી.

બ ટૂંકનોંધ લખો. (ગમે તે એક) 03

(1) તાજમહલ :-

મુઘલ બાદશાહ શાહજહાંએ પોતાની બેગમ મુમતાજ મહલની યાદમાં આગરામાં યમુના નદીના કિનારે જગપ્રસિદ્ધ તાજમહાલ બંધાવ્યો હતો. તેનું બાંધકામ સફેદ આરસપહાણથી થયેલુ છે. તાજમહાલનું પ્રવેશદ્વાર આકર્ષક છે. તેની મધ્યમાં ઊંચો ઘુમ્મટ છે. અને તેની નીચે મુમતાજની કબર છે. ભવ્ય બાંધકામ અદ્ભુત નકશીકામ, આરસના રંગીન ટુકડા અને કિંમતી પથ્થરોની સજાવટ વિશિષ્ટ કલા કારીગરી વગેરેને લીધે તાજમહાલ અદ્ભુત સૌંદર્યનો ઉત્કૃષ્ટ નમૂનો ગણાય છે. તેને મધ્યકાલીન વિશ્વની સાત અજાયબીઓમાં સ્થાન મળ્યું છે.

(2) નરસિંહ મહેતા :-

નરસિંહ મહેતાનો જન્મ તળાજામાં નાગર કુટુંબમાં થયો હતો. બાળપણથી જ તે સાધુસંતોની સોબતમાં રહેતા તેમણે લગ્ન કરી ઘરસંસાર શરૂ કર્યો હોવા છતાં તેમનું મન સંસારમાં લાગ્યું નહોતુ તે દિવસ-રાત કૃષ્ણભક્તિમાં રચ્યા પચ્યા રહેતા સમાજમાં વ્યાપેલા નાતજાત અને અસ્પૃશ્યતા ભેદભાવ જોઈને તે ખૂબ દુઃખી થતા હતાં. ઈશ્વરમાં અપાર શ્રદ્ધા રાખીને અને ઈશ્વરની દૃઢ ભક્તિ કરીને માણસ સંકટો પાર કરી શકે છે તેના તેમને તેમના જીવન દ્વારા અનેક દાખલા પૂરા પાડ્યા છે. જ્ઞાન અને ભક્તિના રંગે રંગાયેલા નરસિંહ મહેતાના પદોએ પ્રભાતિયાંએ ગુજરાતના લોકમાનસ પર ઊંડી અસર કરી છે

Date:-

પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ લખો (ગમેતે ચાર) ૧૨

અ) (1) ઉત્તર ભારતની નદીઓ જળમાર્ગ તરીકે ઉપયોગી છે.?

ગંગા, યમુના, બ્રહ્મપુત્ર, સિંધુ વગેરે ઉત્તર ભારતની મુખ્ય નદીઓ છે. આ નદીઓ હિમાલય પર્વતમાંથી નીકળતી હોવાથી તેમાં બારેમાસ પાણી રહે છે. ગંગા ભારતની સૌથી મોટી નદી છે. તેને ભાગીરથી પણ કહે છે. ગંગા નદીએ તેના મુખ પાસે દુનિયાના મુખ્ય ત્રિકોણ પ્રદેશની રચના કરી છે. તેથી ઉત્તર ભારતની નદીઓ જળમાર્ગ તરીકે પણ ઉપયોગી છે.

(2) ભારતમાં ક્યા ક્યા સરોવરો આવેલા છે.

ભારતમાં ઉત્તરાખંડમાં - નૈનીતાલ સરોવર, જમ્મુ કશ્મીરમાં - દલ-વુલર સરોવર ઓડીસામાં - ચિલ્કા સરોવર, આંધ્રપ્રદેશમાં - કોલેરુ સરોવર, તમિલનાડુમાં - પુલિકટ સરોવર, રાજસ્થાનમાં - સાંભર સરોવર, ગુજરાતમાં - નળ સરોવર વગેરે સરોવરો આવેલા છે.

(3) ભારતમાં સડક માર્ગોના પ્રકાર કેટલા છે.?- ક્યા ક્યા?

ભારતમાં સડક માર્ગોના ~~પાંચ~~ ચાર પ્રકાર છે (1) ગ્રામ માર્ગ (2) જીલ્લા માર્ગ (3) રાજ્ય ધોરીમાર્ગ (4) રાષ્ટ્રીય ધોરીમાર્ગ

~~(1) ગ્રામમાર્ગો~~ ~~(3) [illegible] માર્ગ~~ ~~(5) [illegible] માર્ગ~~

~~(2) [illegible] માર્ગ~~ ~~(4) [illegible] માર્ગ~~

(4) ભારત અનેક વિવિધતાઓનો દેશ શાથી કહેવાય છે.?

ભારત બિનસાંપ્રદાયિક દેશ છે. અહીં સૌ પોતાની પસંદગીનો ધર્મ પાળે છે. લોકો પોતપોતાની પ્રાદેશિક ભાષામાં વ્યવહાર કરે છે. લોકોનાં રૂપ, રંગ, દેખાવ, આહાર, પોશાક, રહેણીકરણી, રીતરિવાજ, ધર્મ, જાતિ, ભાષા અને સંસ્કૃતિમાં ભિન્નતા છે. આથી ભારત અનેક વિવિધતાઓનો દેશ કહેવાય.

(5) યુરોપ ખંડ ભૌગોલિક રીતે બીજા ખંડોની જેમ જુદો તરી આવતો નથી. કેમ?

યુરોપ ખંડ ભૌગોલિક રીતે બીજા ખંડોની જેમ જુદો તરી આવતો નથી કારણકે યુરોપના પ્રાકૃતિક વિભાગો, નદીઓ, સરોવરો, આબોહવા, જમીન અને ખેતી, ખનીજ અને ઉદ્યોગો વગેરે બીજા ખંડોના જેવા છે.

(બ) ટૂંકનોંધ લખો. (ગમેતે એક) ૦૩

(1) આબોહવાની માનવજીવન પર થતી અસરો

- આબોહવાની માનવજીવન પર ખૂબ જ અસર પડે છે. લોકોનાં ખોરાક, રહેણીકરણી સ્વભાવ વગેરે પર આબોહવાની અસર જોવા મળે છે.
- રાજસ્થાનના રણપ્રદેશમાં પાણીની અછત હોવાને કારણે પાણીનો સંગ્રહ કરવા મકાનો ધાબાવાળા હોય છે.
- ભારતના ઉત્તર તરફના રાજ્યોમાં ઊની વસ્ત્રોનો ઉપયોગ ઠંડી સામે રક્ષણ મેળવવા થાય છે. દક્ષિણના રાજ્યોમાં ગરમીથી બચવા લોકો સુતરાઉ કાપડના વસ્ત્રો પહેરવાનું પસંદ કરે છે. જ્યારે રણપ્રદેશના લોકો સતત ગરમીથી બચવા અને ઉડતી ધૂળ ભરાઈ જાય તેથી સુતરાઉ કાપડના ખુલતાં વસ્ત્રો પહેરે છે. માથામાં રેતી ન ભરાય માટે માથા પર વસ્ત્રનો ટુકડો (રૂમાલ) બાંધી રાખે છે.

Date:-

- ભારતમાં આબોહવાનું વૈવિધ્ય હોવાથી ગુજરાતીઓ વેપાર, પંજાબીઓ લશ્કર પ્રવૃતિ અને ઉત્તર ભારતના લોકો ખેતીનો વ્યવસાય કરે છે. રણ પ્રદેશમાં વિચરતી જાતિના લોકો પ્રાણી ઉછેર માટે જુદાંજુદાં સ્થળે ફરતા રહે છે.
- દરિયાકિનારાના વિસ્તારોમાં ગુજરાતમાં છઉં તમિલનાડુ, કેરલ, પશ્ચિમ બંગાળમાં ચોખા અને માછલીનો વધુ ઉપયોગ થાય છે.

(2) પશ્ચિમ ભારતનું લોક જીવન:-

* ખોરાક:- અહીંના લોકો ખોરાકમાં અનાજ, કઠોળ, લીલાશાકભાજી, દૂધ-ઘી, દહીં, છાસ, માખણ વગેરેનો ઉપયોગ કરે છે. દરિયા કિનારાના લોકોના ખોરાકમાં માછલી, ચોખા અને કોપરાનો સમાવેશ થાય છે. અહીંના લોકો મસાલેદાર વાનગીઓ ફરસાણ અને મીઠાઈના શોખીન છે.
* પોશાક:- ગુજરાતમાં પુરુષો ધોતિયુ અને ઝભ્ભો કે ચોરણો અને કેડિયુ પહેરે છે, સ્ત્રીઓ સાડી, ચણિયાચોળી અને કબજો પહેરે છે.
- રાજસ્થાનમાં પુરુષો ધોતી અને અંગરખુ અને સ્ત્રીઓ:- ઘેરવાળો રંગીન ઘાઘરો અને કેડ સુધી પહોંચે એવો કબજો પહેરે છે.
- મહારાષ્ટ્રમાં પુરુષો ધોતી, પહેરણ અને માથે ટોપી પહેરે છે. સ્ત્રીઓ કછોટી વાળીને સાડી પહેરે છે.
* રહેઠાણ:- આ પ્રદેશમાં ઈંટ, પથ્થર અને સિમેન્ટના મકાનો છે. ગામડાઓમાં લોકો માટી છાણ પથ્થર અને ઈંટના બનાવેલા મકાનમાં રહે છે. અહીંની આદિવાસી પ્રજા વાંસ અને લાકડાંમાંથી બનાવેલા છૂટાછવાયા ઝૂંપડાંમાં રહે છે.
* ભાષા:- ગુજરાતી, હિન્દી, રાજસ્થાની, મરાઠી અને કોંકણી ભાષા બોલે છે. આદિવાસી વિસ્તારોમાં પ્રાદેશિક બોલીઓ બોલાય છે.
* ઉત્સવો-તહેવારો:- ગુજરાતના-રાસ-ગરબા, રાજસ્થાનનું-ઘુમ્મર નૃત્ય, મહારાષ્ટ્રનું લાવણી નૃત્ય દેશભરમાં જાણીતા છે.
- તરણેતર, ભવનાથ, શામળાજી ડાંગ દરબાર વગેરે મેળાઓ જાણીતા છે.
- દિવાળી, નવરાત્રિ, ગણેશચતુર્થી, હોળી, ઈદ, ક્રિસમસ વગેરે તહેવારો.

પ્રશ્ન-4 નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યો માં જવાબ લખો. (ગમેતે પાંચ) 10

(1) આપણા દેશમાં સળંગ ન્યાયતંત્ર છે. એમ શાથી કહી શકાય?

ભારતના ન્યાયતંત્રમાં સર્વોચ્ચ અદાલતનું સ્થાન સૌથી ઊંચુ છે. એ પછી અનુક્રમે રાજ્યોની વડી અદાલતો, જીલ્લા અદાલતો અને તાલુકા અદાલતોનું સ્થાન છે. આથી એમ કહી શકાય કે આપણા દેશમાં સળંગ ન્યાયતંત્ર છે.

Date:-

(2) જાહેર મિલકત કોને કહેવાય?

જે મિલકતની માલિકી સમાજની કે સરકારની હોય અને જેનો ઉપયોગ કરવાનો સમાજના બધા નાગરિકો એકસરખો અધિકાર ધરાવતા હોય તે જાહેર મિલકત કહેવાય

(3) વેપારી દ્વારા ગ્રાહકને કઈ કઈ રીતે અસંતોષ થાય છે?

- ખરીદેલી વસ્તુ વજનમાં કે માપમાં ઓછી હોય
- વસ્તુ ઓછી ગુણવત્તાવાળી હોય
- ખરીદેલી વસ્તુ ભેળસેળવાળી હોય
- વેપારીએ વસ્તુની વાજબી કિંમત કરતાં વધુ નાણાં લીધાં હોય
- પેક કરેલી વસ્તુ ખોલતા હલકી, નકલી કે ઓછી નીકળે
- શુદ્ધ અને પ્રમાણિત દવાઓને બદલે નકલી દવાઓ મળે.

(4) અદાલતો કેવા કેવા વિવાદ સાંભળે છે?

અદાલતો મકાન, જમીન કે અન્ય સંપત્તિ અંગેના દીવાની વિવાદો ચોરી, લૂંટફાટ, મારામારી, ખૂન, શારીરિક ઈજા કે ઝઘડા અંગેના ફોજદારી વિવાદો સાંભળે છે.

(5) તમે કઈ કઈ જાહેર સુવિધાઓનો ઉપયોગ કરો છો?

| | |
|---|---|
| (1) શાળા | (6) પુસ્તકાલય |
| (2) રેલ્વે-સ્ટેશન | (7) રસ્તા |
| (3) બસ સ્ટેશન | (8) પાણીનો નળ |
| (4) ટપાલકચેરી | (9) બગીચો |
| (5) જાહેર આરોગ્ય કેન્દ્ર | (10) ક્રીડાંગણ |

(6) આપણે ખરીદી વખતે હંમેશાં બિલ લેવાનો આગ્રહ રાખવો જોઈએ. શા માટે?

ગ્રાહકે ખરીદેલી વસ્તુ કે સેવાનું પાકું બિલ કે રસીદ લેવાનો હંમેશા આગ્રહ રાખવો જોઈએ કારણ કે ખરીદેલી વસ્તુથી અસંતોષ હોય ત્યારે વેપારી સામે ગ્રાહક સુરક્ષા મંડળમાં ફરિયાદ કરી કાનૂની રાહે લડવામાં ખરીદેલી વસ્તુનું બિલ ખૂબ જ ઉપયોગી બને છે.